ગાંધીનગર સમાચાર

તા. ૮-૮-૨૦૧૪, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### રાહુલનો વિપક્ષી અવતાર

કોંગ્રેસ દેશની આઝાદી મેળવવા માટેની લાંબી લડાઇ પડ્યા પછી સ્વતંત્ર ભારતની સત્તાધારી પાર્ટી બનતાની સાથે જ આક્રમકતા ગુમાવવા લાવી હતી. શરૂઆતમાં વર્ષોમાં તો કોંગ્રેસ સામે વિરોધ પક્ષ જેવું કશું હતું જ નહીં. અલબત્ત યે સમયમાં નેતાઓની દેશદાઝ અને નૈતિક મૂલ્યનિષ્ઠા એવી પ્રબળ હતી કે પંડિત જવાહરલાલ નહેરુને પણ એક અદનો કોંગ્રેસજન પોતાને સાચું લાગે તે તડ ને ફડ ભાષામાં કહી શકતો હતો. કોંગ્રેસમાં આ આંતરિક આઝાદીનો લોપ ઈન્દિરા ગાંધીના શાસનકાળ દરમિયાન શરૂ થયો અને સોનિયા ગાંધીના સમયમાં એ પરાકાષ્ઠાએ પહોંચ્યો. પૂર્વ વિદેશમંત્રી અને નહેરુ ગાંધી પરિવારના અત્યંત વિશ્વાસુ સાથીએ આ ઘટનાક્રમ એમની તાજેતરમાં પ્રકાશિત થયેલ આત્મકથામાં નોંધ્યો છે. રાહુલ ગાંધી પ્રામાણઈક યુવા નેતા તરીકે ઉપસી રહ્યા હતા અને ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં તેઓ પાર્ટીના સ્ટાર પ્રચારક ઉપરાંત વડાપ્રધાનપદ માટેના અઘોષિત ઉમેદવાર હતા. નરેન્દ્ર મોદીના બહુઆયામી વ્યક્તિત્વ સામે ઝીંક ઝીલવાનું એમનું ગજું નહોતું. એમને કોઇનું શીખવેલું બોલવાનું હતું. મૌલિકતા કે ક્રિયેટીવ અભિગમની રૂએ એ મોદી સામે ઘણા વામણા લાગતા હતા. એમને સાંભળવા માટે સ્વયંભૂ ભીડ નહોતી ઉમટતી બલકે એ બોલતા હોય ત્યારે અધવચ્ચેથી લોકો ઉઠી ઉઠીને ચાલવા લાગતા. રાહુલ છેલ્લા દસ વર્ષથી સાંસદ તરીકે ચૂંટાતા રહ્યા હોવા છતાં સંસદની ચર્ચામાં એમનું પ્રદાન નહીવત જ રહ્યું છે. મનમોહન સરકારમાં મંત્રીપદ સંભાળવાની વારંવાર થયેલી ઓફર નકારીને એમને સંગઠન ક્ષેત્રે જ સક્રિય રહેવાનો વિકલ્પ સ્વીકાર્યો તે એમની પલાયનવૃત્તિનું જ પરિણામ છે. શરમાળ પ્રકૃતિના આ નબીરા કયારેય પહેલી કે આગવી હરોળમાં બેઠેલા દેખાયા નથી. સ્વેચ્છાએ પાછલી પાટલી પર બેસતા રાહુલનો આ વિવેક હતો કે લઘુતાગ્રંથિ? જયારે અમુક મુદ્દે જશ મળવાની સંભાવના વરરાતી ત્યારે એ ચોમાસાના દેડકાની જેમ સુષુપ્તાવસ્થામાંથી ઉઠીને આવી જતા અને નાટકીય ઢભે એકાદ નિવેદન કરીને પાછા અલોપ થઈ જતા. દિલ્હીના સીમાડે નવવિકસિત ક્ષેત્રેમાં ખેડૂતોની તરફેણ કરવા દોડી જતાં રાહુલ ગાંધી કે નાટકીય ઢબે પત્રકાર પરિષદમાં હાજર થઇ જઇને ભ્રષ્ટ સાંસદોને છાવરવા મનમોહન કેબિનેટના વટહુકમને ફાડીને કચરા ટોપલીમાં પધરાવવાનું ઉગ્ર નિવેદન કરતા રાહુલ ગાંધી અથવા ચૂંટણી પ્રચાર વખતે ગરજી ગરજીને ઝભ્ભાની બાંયો ચડાવી ચડાવી ભારતીય જનતા પાર્ટીને ભાંડતા રાહુલ ગાંધી કયારકેય જનમાનસમાં વિશ્વસનીય કે કોઠાસૂઝ ધરાવતા નેતા તરીકેની છાપ ઉભી કરી શક્યા નથી. કોંગ્રેસીઓને એમના તરંગ તુક્કા વાહિયાત લાગતા હોવા છતાં પાર્ટીમાં પોતાના હિતો સાચવી લેવાના સ્વાર્થી આશયને વશ થઇ એમને બધા સહન કરતા રહ્યા. છેલ્લે છેલ્લે પ્રિયંકા ગાંધી માટેની માગણી પ્રબળ બની તે રાહુલની નિષ્ફળતાનો જ પુરાવો અને પરિણામ છે. આ પરિવાર વગર કોંગ્રેસ પાસે અન્ય કોઇ તારણહાર નથી, એ વસમી વાસ્તવિકતા છે, જેનો નટવરસિંહ જેવા નારાજ ટીકાકારો પણ ખુલ્લો એકરાર કરે છે. સંસદસભ્ય તરીકે રાહુલે એમના વિસ્તારમાં ઘણાં કામો કર્યા હશે પરંતુ આમ આદમી પાર્ટીના અમેઠી સંસદીય ક્ષેત્રના ઉમેદવાર કુમાર વિશ્વાસ અને ભાજપના મહિલા અગ્રણી - વર્તમાન કેન્દ્રીય માનવ સંસાધન મંત્રી સ્મૃતિ ઈરાનીએ એમની સામે પડકાર ઊભો કર્યા પછી રાહુલ ગાંધીનું ભ્રમ નિરસન જરૂર થયું હશે. એમણે પગ નીચની સરકી જતી ધરતીનો અનુભવ કર્યા પછી કેસરિયાં કરવાનો વિકલ્પ સ્વીકાર્યો લાગે છે. નેશનલ હેરાલ્ડ કેસમાં ભાજપના વિચક્ષણ નેતા સુબ્રમણ્યમ સ્વામીએ એમને અને સોનિયાને અદાલતનાં પગથિયાં બતાવી દીધા છે. આમ કાબૂ બહાર જવા લાગી ત્યારે રાહુલ એકાએક ઊંઘમાંથી જાગ્યા હોય એમ રઘવાયા થઈને લોકસભાના વેલ સુધી ધસી જઇ ભાજપના સાંપ્રદાયિક અભિગમ સામે આક્રોશ વ્યક્ત કરવા લાગ્યા છે. સુમિત્રા મહાજન ભાજપનાં સાંસદ પહેલાં છે, પછી સ્પીકર; એમની સામે પણ રાહુલ ગાંધીએ તેઓ ભાજપ પ્રત્યે પક્ષપાતી વલણ ધરાવતાં હોવાનો આક્ષેપ કર્યો છે. રાહુલ ગાંધીએ કહ્યું છે કે આખા દેશમાં જાણે એક જ માણસની વાત વજૂદ ધરાવે છે. દેખીતી રીતે એમનું નિશાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે છે. મોદીનો જ કક્કો ખરો થવાનો, એ મુદ્દે દેશનું ધાવણું છોકરું પણ હોંકારો ભરશે. આમાં રાહુલ ગાંધીએ નવું શું કહ્યું? સ્વાભાવિક રીતે જ રાજનાથ, અરૂણ જેટલી વૈકેંયા નાયડુ કે સ્પીકર મોદી વિશેના એમના વિધાનોને વાહિયાત ગણાવે. એથી એમને વરિષ્ઠ કોંગ્રેસીઓ નેતા કમલનાત સાથે ભાજપનાં સૌથી વરિષ્ઠ નેતા લાલ કૃષ્ણ અડવાણીને મળીને સદનમાં સાંપ્રદાયિક રમખાણોના મુદ્દે ચર્ચા નહીં આપતી ભાજપ સરકાર અને સ્પીકર વિરૂદ્ધ ફરિયાદ કરી છે. ઠાવકા કાનૂનવિદ કેન્દ્રીય નાણામંત્રી અરૂણ જેટલીએ રાહુલની આ 'બનાવટી આક્રમકતા'ની મજાક ઉડાવી છે અને એમને કોંગ્રેસની બેહાલી સુધારવા સક્રિય થવાની સલાહ આપી છે. રાહુલ ગાંધી માટે હવે વિપક્ષના નેતાનો અઘોષિત પાઠ ભજવવાની નોબત આવી ગઇ છે. નટવરસિંહ સહિત ઘણા જૂના કોંગ્રેસીઓ ઈચ્છતા હતા કે રાહુલે પોતે વિપક્ષના નેતા તરીકે સક્રિય ભૂમિકા ભજવવી જોઈતી હતી. મલ્લિકાર્જુન ખડગે જેવા પ્રભાવહીન સાંસદ એ ભૂમિકા સોંપીને એમને પોતાના જ પગ પર કુહાડો માર્યો છે.

### અન્ડર જીત કુનેડો સ્પર્ધામાં વિજયી

ગાંધીનગર, તા. ૭

સેક્ટર-૭માં આવેલ શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે ગત તા.૨ ના રોજ જિલ્લાકક્ષાની અંડર-૧૭ જીત કુનેડો સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં શ્રી જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની ૧૦ વિદ્યાર્થીનીઓ વિજેતા બની હતી. રિંકલ ચૌધરી, જ્યોત્સના ચૌધરી, મંજુલા ચૌધરી, સૃષ્ટિ ચૌધરી, રમીલા ચૌધરી, રંજન ચૌધરી, શીતલ ચૌધરી, કૃપાલી ચૌધરી, સોનલ ચૌધરી અને રિયા ચૌધરી વિજેતા બની હતી. તમામ વિદ્યાર્થીનીઓ રાજ્યકક્ષાએ ભાગ લેશે.

### ડભોડાની એચ. એમ. પટેલ વિદ્યામંદિરના રમતવીરો દ્વારા રમતનું ઉત્કૃષ્ઠ પ્રદર્શન

ચિલોડા, તા.૭

ગાંધીનગર તાલુકાના સાદરા ખાતે વિદ્યાપીઠમાં તા. ૫મી ઓગષ્ટે ચિલોડા-ડભોડા વિભાગની વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કબડ્ડી, ખોખો, વોલીબોલ વગેરે રમતોનો સમાવેશ કરાયો હતો. આ સ્પર્ધામાં ડભોડાની એચ.એમ. વિદ્યામંદિરના ખેલાડીઓએ ઉત્કૃષ્ઠ રમતનું પ્રદર્શન કર્યું હતું.

કબડ્ડીમાં ડભોડાની એચ.એમ. વિદ્યામંદિરની ટીમો અન્ડર-૧૯માં ભાઈઓ અને બહેનોના બંને વિભાગમાં તેમજ ખોખોમાં પણ ભાઈઓ અને બહેનોના અન્ડર-૧૯મા વિભાગમાં વિજેતા થઈ હતી. જયારે અન્ડર-૧૪ની બહેનોએ પણ પ્રથમ સ્થાન મેળવી શાળા તથા ડભોડા ગામનું ગૌરવ વધાર્યું હતું. તેમના આ ઉત્કૃષ્ઠ પ્રદર્શન બદલ શાળા પરિવાર તેમજ કેળવણી મંડળ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં.

### ગાંધીનગર સાહિત્ય સભાની બેઠક મળશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર સાહિત્ય સભાની માસિક બેઠક તા. ૧૦ ઓગસ્ટ, રવિવાર સાંજે ૫.૩૦ વાગે નમન એપાર્ટમેન્ટ સેક્ટર-૨૧ ખાતે યોજવામાં આવશે.

આ સભામાં સાહિત્યકારો સમયોશિત વર્ષાઋતુ અને શ્રાવણી પૂનમ અંગે પોતાની સ્વ-રચિત કાવ્ય કૃતિઓ રજુ કરી શકશે. આ સભામાં સર્વે સાહિત્ય રસિકોને ઉપસ્થિત રહેવા મૂળજીભાઈ પરમાર દ્વારા જણાવવામાં આવ્યું છે.

### હરિની દૃષ્ટિ...




ભાઈ, રક્ષાબંધનમાં, તને ભાવે તેવું કાજુનું શાક, અખરોટની બરફી, બદામનો બિરંજ બનાવીશ, કોઇ ગીફ્ટ લાવીશ નહીં... પણ... રસ્તામાં ભાભીને ખબર ન પડે તે રીતે કીલો ટામેટા લેતો આવીશ...!!





### ચિલોડામાં સુરક્ષા સેતુ અંતર્ગત સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ

ચિલોડાની પગાર કેન્દ્ર શાળા અને ઓમલેન્ડમાર્ક સ્કૂલમાં સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ૧૧ દિવસની સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજવામાં આવી હતી. આ શિબિરમાં વિદ્યાર્થીઓને સ્વબચાવની ટેકનિક્સનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેમાં ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ શિબિરના સમાપને યોજાયેલ કાર્યક્રમમાં બંને શાળાઓમાં અલગ અલગ યોજવામાં આવ્યો હતો. આ સમાપન સમારોહમાં કરાટે એકેડમીના ટેકનીકલ ડાયરેક્ટર શિહાન અરવિંદભાઈ રાણા, ચિલોડા પોલીસ સ્ટેશનના પી.આઈ. કે.એમ. પ્રિયદર્શી, શાળાના આચાર્ય ડૉ. સંદિપ ગોએલ અને વિનાકીન પંડ્યા તથા હર્ષદભાઈ પટેલ, પત્રકાર નટુભાઈ પટેલ, ઉપરાંત પોલીસકર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ શિબિરમાં વિદ્યાર્થીઓએ સ્વબચાવની ટેકનિકલ શિખે તેમજ વર્ષ દરમ્યાન અઠવાડિયામાં એક દિવસ સ્વબચાવનું પ્રશિક્ષણ મેળવે તે માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. આ શિબિરમાં કોચ જિગ્નેશભાઈ ત્રિવેદીએ બાળકોને પ્રશિક્ષણ આપ્યું હતું. જેમના માર્ગદર્શન હેઠળ બાળકો કરાટેના પંચ, બ્લોક, કીક વગેરેની બેઝીક ટેકનિક શિખવાડી હતી. આ શિખેલી ટ્રેનિંગ બાળકો જીવનભર લાભ લે તે માટે તેમણે અનુરોધ કર્યો હતો. (નટુભાઈ પટેલ)

### રાજ્યની ચૂંટણીની જેમ પ્રેરણા વિદ્યાલયમાં ચૂંટણી યોજાઈ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરની સ્કૂલોમાં વિદ્યાર્થીઓને ચૂંટણીની કાર્યપ્રણાલીનો ખ્યાલ આવે તે માટે શાળામાં પ્રતિનિધિઓની પસંદગી પણ ચૂંટણીથી કરવામાં આવી રહી છે. પ્રેરણા વિદ્યાલય સેક્ટર-૫માં પ્રતિનિધિઓ માટે ચૂંટણી યોજવામાં આવી હતી.

સામાન્ય રીતે ચૂંટણીનું નામ આવતા જ નાગરિકો હતપ્રત થઈ જતા હોય છે. તેની પદ્ધતિ સામે પણ અનેક સવાલો ઉભા થતા હોય છે. પરંતુ ચૂંટણી શુ છે, કેવી રીતે યોજવામાં આવે છે તે હેતુથી શાળાના પ્રતિનિધિઓને પ્રેરણા વિદ્યાલયમાં ચૂંટણી યોજાઈ હતી. જેમાં ઉમેદવારી નોંધવાની તારીખથી લઈને ચૂંટણીના પરિણામની માહિતી જાહેર કરવામાં આવી હતી.

સૌ પ્રથમ ઉમેદવારી નોંધાવવી, ફોર્મ ચકાસણી, ઉમેદવારી પત્રક પરત ખેંચવાની અને મતદાન સહિતની કાર્યવાહી યોજાઈ હતી. વિદ્યાર્થીઓએ નેતા બનવા માટે પૂરજોશમાં પ્રચાર કર્યો હતો.

ત્યારે વર્ગ પ્રતિનિધિ તરીકે ધોરણ:૮માં ભાર્ગવ વાઘેલા, માર્ગી પરમાર, ધોરણ-૯માં ભવ્ય રાણા, અર્ચના પટ્ટણી, ધોરણ-૧૦માં તિલક પંડ્યા, સુરેખા નિનામા, ધોરણ-૧૧ કોમર્સ અભિષેક શર્મા, મિત્તલ ચાવડા, આર્ટસમાં સુનિલ પટેલ, ધોરણ-૧૨ કોમર્સ, દિપેન્દ્ર નિનામા, ક્રિષ્ના ચૌહાણ, આર્ટસમાં કર્મજીત વાઘેલા અને પૂનમ પટેલ વિજેતા બન્યા હતા. તેમજ જી.એસ. તરીકે દિપેન્દ્ર નિનામા અને એસ.આર. તરીકે ક્રિષ્ના ચૌહાણ ચૂંટાયા હતા.

### આદર્શ નિવાસી શાળા વિકસતી જાતિ નાંદોલ વિજેતા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા યોજિત શાળાકીય અન્ડર-૧૭ વર્ષની કબડ્ડી દહેગામ ઉત્તર વિભાગની સ્પર્ધા નાંદોલ ખાતે યોજાયો હતો. સ્પર્ધામાં આદર્શ નિવાસી શાળા (વિ.જા.) કુમાર નાંદોલની શાળા વિજેતા બનેલી છે. શાળાની ટીમ જિલ્લાકક્ષાની માણસા મુકામે યોજાનાર સ્પર્ધામાં ભાગ લેશે.

શાળાના આચાર્યશ્રી બી.એસ. બારૈયા તથા વી.કે. ચૌહાણ તેમજ સોનલ વાઘેલાએ સ્પર્ધકોને અભિનંદન પાઠવ્યા હતા.





ગાંધીનગર તાલુકાના ડભોડા ખાતે એચ.એમ. વિદ્યામંદિરના પટાંગણમાં કાનૂની સલાહ શિબિર યોજવામાં આવી હતી. આ શિબિર જિલ્લા બાળ સુરક્ષા એકમ અને જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવી હતી. આ શિબિરમાં ડભોડાના કેળવણી મંડળના પ્રમુખ હસમુખભાઈ પટેલ અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહ્યા હતા. આ શિબિરમાં પ્રોટેક્શન અધિકારી રાજલબેન ગજેરા, સમાજકલ્યાણ પ્રોટેક્શન અધિકારી સંજયભાઈ પટેલ ઉપરાંત ગાયત્રીબેન ઉપાધ્યાય, સ્વાતિબા રાઓલ, નરેન્દ્રભાઈ વાઘેલા, જયરામભાઈ સોની વગેરેએ હાજર રહી પ્રાસંગિક ઉદ્‌બોધનો કર્યા હતા. આ શિબિરમાં બાળ સુરક્ષા અને અધિકારો, રક્ષણ અને કાનૂની સહાય, પોલીસને લગતા કાયદા, કાનૂની સહાય યોજના, મહિલા સશક્તિકરણ, માનવ સંશાધન, સામાજિક રિવાજો ન્યાયતંત્ર, અનુસૂચિત જાતિ-જનજાતિ કલ્યાણકારી યોજનાઓ, દીકરીઓ પ્રત્યે સમભાવના તેમજ એઈડ્સ અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ શિબિરમાં શકરાજી સોલંકી, હિંમતસિંહ ઠાકોર, દિનેશભાઈ પટેલ તેમજ શાળાના પ્રિન્સિપાલ અશોકભાઈ મોદી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. (નટુભાઈ પટેલ, ચિલોડા)

## જ્ઞાનકુંભ



- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. ગુજરાત બજેટ ૨૦૧૪માં પશુપાલન અને ડેરીઉદ્યોગના વિકાસ માટે કેટલા કરોડની જોગવાઇ કરવામાં આવી છે?
→ **૩૭૫ કરોડ**
૧૨. ગુજરાત બજેટ ૨૦૧૪માં ૬ થી ૭ ધોરણના વિદ્યાર્થીઓ માટે કેટલા કરોડની શિષ્યવૃત્તિની જોગવાઇ કરવામાં આવી છે?
→ **૫૦૦ કરોડ**
૩. ગુજરાત બજેટ ૨૦૧૪માં ગુજરાતના નાના શહેરોમાં હવાઇ સેવા માટે કેટલા કરોડની જોગવાઇ કરવામાં આવી છે?
→ **૨૦ કરોડ**
૪. ગુજરાત બજેટ ૨૦૧૪માં આંગણવાડી કાર્યકરોનાં માનદ વેતનમાં દર મહિને કેટલા રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે?
→ **૫૦૦ રૂપિયા**
૫. ગુજરાત બજેટ - ૨૦૧૪માં આંગણવાડીઓનાં વિકાસ માટે કેટલા કરોડની જોગવાઇ કરવામાં આવી છે?
→ **૩૩ કરોડ**
૬. ગુજરાત બજેટ ૨૦૧૪માં સુજલામ સુફલામ યોજના માટે કેટલા કરોડની જોગવાઇ કરવામાં આવી છે?
→ **૧૦૭ કરોડ**

૭. ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૪ કયા વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે?
→ **કૃષિ વિકાસ વર્ષ**
૮. ગુજરાત બજેટ ૨૦૧૪માં ઉર્જા માટે કેટલા કરોડની જોગવાઇ કરવામાં આવી છે?
→ **૫૦૯૭ કરોડ**
૯. ગુજરાત બજેટ ૨૦૧૪માં પરિવહન માટે કેટલા કરોડની જોગવાઇ કરવામાં આવી છે?
→ **૫૬૩૮ કરોડ**
૧૦. ગુજરાત બજેટ-૨૦૧૪માં સિંચાઇ અને પરનિયંત્રણ માટે કેટલા કરોડની જોગવાઇ કરવામાં આવી છે?
→ **૧૩,૦૩૫ કરોડ**
૧૧. ગુજરાત બજેટ ૨૦૧૪માં પશુપાલન અને ડેરીઉદ્યોગના વિકાસ માટે કેટલા કરોડની જોગવાઇ કરવામાં આવી છે?
→ **૩૭૫ કરોડ**
૧૨. ગુજરાત બજેટ ૨૦૧૪માં ૬ થી ૭ ધોરણના વિદ્યાર્થીઓ માટે કેટલા કરોડની શિષ્યવૃત્તિની જોગવાઇ કરવામાં આવી છે?
→ **૫૦૦ કરોડ**
૧૩. ગુજરાત બજેટ ૨૦૧૪માં ગુજરાતના નાના શહેરોમાં હવાઇ સેવા માટે કેટલા કરોડની જોગવાઇ કરવામાં આવી છે?
→ **૨૦ કરોડ**
૧૪. ગુજરાત બજેટ ૨૦૧૪માં આંગણવાડી કાર્યકરોનાં માનદ વેતનમાં દર મહિને કેટલા રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે?
→ **૫૦૦ રૂપિયા**
૧૫. ગુજરાત બજેટ - ૨૦૧૪માં આંગણવાડીઓનાં વિકાસ માટે કેટલા કરોડની જોગવાઇ કરવામાં આવી છે?
→ **૩૩ કરોડ**
૧૬. ગુજરાત બજેટ ૨૦૧૪માં સુજલામ સુફલામ યોજના માટે કેટલા કરોડની જોગવાઇ કરવામાં આવી છે?
→ **૧૦૭ કરોડ**
૧૭. ગુજરાત બજેટ ૨૦૧૪માં સુજલામ સુફલામ યોજના માટે કેટલા કરોડની જોગવાઇ કરવામાં આવી છે?
→ **૧૦૭ કરોડ**
૧૮. ગુજરાત બજેટ ૨૦૧૪માં હોસ્પિટલના વિકાસ માટે કેટલા કરોડની જોગવાઇ કરવામાં આવી છે?
→ **૧૯૪ કરોડ**
૧૯. ગુજરાત બજેટ ૨૦૧૪માં આદિવાસી વિસ્તારમાં સિંચાઇ માટે કેટલા કરોડની જોગવાઇ કરવામાં આવી છે?
→ **૩૯૧ કરોડ**
૨૦. ગુજરાત બજેટ ૨૦૧૪માં નર્મદા યોજના માટે કેટલા કરોડની જોગવાઇ કરવામાં આવી છે?
→ **૯,૦૦૦ કરોડ**

## બીજાની જીંદગીમાં ડોકિયું કરનારા એ ન ભુલે કે તમારી બારીના પરદા પણ ખુલ્લા તો નથી ને...?

**સમાજ ચિંતન**

પોપટલાલ પ્રજાપતિ

માનવ જાતની એ ખાસિયત છે કે એને બીજાની જીંદગીમાં ડોકિયું કરી એમાંથી મસાલાથી ભરપૂર સ્ટોરી બનાવી વહેતી કરવામાં બહુ આનંદ આવે છે. ઘણી વખત તો વજુદ વગરની વાતને વળ ચઢાવી તેને બજારમાં ફરતી કરાય છે અને તેનો ભરપુર આનંદ લેવાય છે. હવે ઘેર ઘેર માટીના ચૂલા તો છે નહિ પણ એમ કહી શકાય કે ઘેર ઘેર ગેસના સગડા... બીજાની દીકરી કયાં બગીચામાં કે કયા થિયેટરમાં કોની સાથે ફરે છે તેની વાતો કરી આનંદ લુંટનારા એ ભૂલી જાય છે કે આ જ આક્ષેપ કદાચ કાલે તમારા સંતાનો સામે પણ થાય.. કારણ કે પ્રયત્ન કરવા છતાં અનિચ્છાએ પણ કયારેક તમારો દીકરો હરકતોનો શિકાર બને તે વખતે તમારી સામે ચિંધાતી આંગળીને તમે રોકી નહી શકો. કોઈના વિશે ટીકા ટીપ્પણી કરવામાં કે બીજાના દોષોની પીઠ પાછળ ચર્ચા કરનારા કયારેક ને કયારેક આ જ બાબતોના શિકાર બને ત્યારે તે સહન કરવાનું તેમના માટે મુશ્કેલ બને છે.

રમેશભાઈને આખા ગામની ચોપટ કરવામાં બહુ રસ પડતો કોઈની દીકરીના છૂટાછેડા થયા હોય તો આ છુટાછેડા કેમ થયા, કેવી રીતે થયા, કોના વાંકે થયા તે બધી જ વિગત મેળવવા તેઓ પ્રયત્ન કરે અને સમગ્ર માહિતી મેળવ્યા પછી જાણે મોટો જંગ જીત્યા હોય તેવી અદાથી ખુબ રસપ્રચુર રીતે તેનું વર્ણન કરી બધાની વચ્ચે રૂઆબ છાંટવા પ્રયત્ન કરે, કે હું ના હોત તો આ કેસ પત્યો ન હોત... સમય જતાં પોતાની દીકરી સામે છુટાછેટાની નોબત આવે ત્યારે જમાનો બહુ ખરાબ છે. આજના યુવાનોમાં જરાય સહનશક્તિ કે લાગણી જેવું રહ્યું નથી તેવી સુફિયાણી વાતો કરી પોતાની નિર્દોષતા પુરવાર કરવા પ્રયત્ન કરે છે. પોતાનો દીકરો લગ્ન પછી પત્ની સાથે જુદો રહેવા જાય ત્યારે નવી આવેલી વહુએ મારા દીકરાને કંઈક કરી નાખ્યું છે એવું કહી જવાબદારીમાંથી છટકવા પ્રયત્ન કરે છે.

કેટલીકવાર અખબારો પણ પોતાની ટી.આર.પી. વધારવા કેટલીક કાલ્પનિક વાર્તા ઘડી સનસનાટીપૂર્ણ સમાચારો વહેતા કરે છે. સેલિબ્રીટીના જીવંત કંઈ બધાથી અલગ ન હોઈ શકે કારણ કે તે પણ આખરે માનવ છે તેમના જીવનમાં પણ તડકી છાંયડી આવવાની છે. સામાન્ય માનવીના જીવનમાં બનતી ઘટનાઓ કોઈ સેલિબ્રીટીના જીવનમાં ખણખોદ કરી તેની મસાલા સભર સ્ટોરી બનાવી રજૂ કરનાર પત્રકારોને 'પાપારાઝી' કહેવાય છે કોઈની સંવેદના કે અંગત લાગણીનું આ રીતે જાહેર લીલામ કરવું તે યોગ્ય તો ન જ ગણાય, છતાં આપણને આવી સ્ટોરી વાંચવી ગમે છે. કયાં ક્રિકેટરને કઈ હિરોઈન સાથે ખાનગી સંબંધ છે? સાનિયા મિર્ઝા પાકિસ્તાની ક્રિકેટરને કેમ પરણી? વિરાટ કોહલી કઈ અભિનેત્રી સાથે લિવ ઈનમાં રહે છે આ બધી જ પંચાત કરવાની આપણને શી જરૂર? કરીના બીજી વાર કે ત્રીજી વાર લગ્ન કરે તેમાં સૈફઅલી ખાનને કોઈ વાંધો ન હોય તેટલો વાંદો તેના ચાહકોને હોય છે. તસ્લીમા નસરીને કોની સાથે અવૈવાહિક સંબંધો રાખ્ખ્યા તેની ચર્ચા કરવાની આપણને કયાં જરૂર છે? કે ફિલ્મ જગતમા કોઈ કુંવારી માતા બને તે તેનો અંગત મામલો છે. સમાજમાં તેનાં કારણે જે કંઈ પરિસ્થિતિ ઊભી થાય તેનો તેણે એકલાએ સામનો કરવાનો છે, એમાં બીજાએ શા માટે ચિંતા કરવાની? સોનિયા ગાંધીએ ઠુકરાવેલા પી.એમ. પદ પાછળ ત્યાગ નહિ પણ ડર હતો તે વાત ૧૦ વર્ષ પછી જાહેર કરવા પાછળ કેવું માનસ કામ કરતું હશે? વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અંગત જીવન વિશે ટીકા ટીપ્પણી કરનાર પોતે દુધે ધોયેલા હોય છે?

આપણે કોઈની પીઠ પાછળ જેવી ટીકા કરતા હોઈએ એવી બદબોઈ આપણા વિશે પણ કોઈ કરતું હશે તે આપણે ભુલી જઈએ છીએ આપણે બીજાના ઘરમાં ત્રાંસી નજરે જોતા હોઈએ ત્યારે આપણી બારીના પરદા બંધ કરવાનું ભુલી જઈએ છીએ અને અન્ય લોકો પણ તમારી જેમ જ તમારા ઘરમાં ડોકિયું કરી લે છે. સામાજિક જીવનમાં પણ આ જ રફતાર હોય છે સાથે ભણતા ભણતા એકબીજાને દિલ દઈ દેનારા અને તેના વિના જરાય ચેન ન પડે એટલા બધા પ્રેમાળ જીવો વચ્ચે ખટરાગ થાય ત્યારે તોડી નાખું અને ફોડી નાખુની વાતો કરતા થઈ જાય છે. તું તારા રસ્તે અને હું મારા રસ્તે એવી લાગણી સાથે છુટા કેમ પડતા નથી? માનવ સ્વભાવની આ વિકૃતિ સદીઓ પુરાણી છે. કોઈની સાથે ગમે તેટલા લાગણી ભીના સંબંધો હોય પણ એ સંબંદો બગડે એટલે રાતોરાત તે વ્યક્તિ વિલન બની જાય છે. એક ફિલ્મી હિરોઈનની અંગત વાતો પ્રસિદ્ધ કરનાર પત્રકારને એ હિરોઈને કહેલું કે 'તમારા માટે આનંદ આપનારી બાબત મારા માટે જીંદગીમાં ઊંડો ઘા કરનારી બની જાય છે, પણ તમને એની પરવા નથી હોતી. અમારી ટેવો, અમારા વસ્ત્રો કે અમારા સ્વભાવની તમે ટીકા કરી શકો પણ અમારી અંગત જીંદગીને અંગત રહેવા દો તો અમે શાંતિથી જીવી એ અધઈકાર તમે છીનવી ન લો.' પરપીડન દ્વારા આનંદ મેળવવાની વૃત્તિ આપણે કયારે છોડીશું? જીંદગીમાં માણવા જેવા ઘણા રસો છે હાસ્યરસ, શૃંગાર રસ, વીરરસ, અને કંઈ નહી તો કરૂણરસ એની પણ એક મજા હોય છે. પણ આપણને સૌથી વધુ 'નિંદારસ' જ કેમ માફક આવે છે? આ આપણી માનસિક વિકૃતિ છે કે બીજુ કંઈ?

આખી જીંદગીની ચડતી પડતીના સાક્ષી બનેલ વૃદ્ધ માજીઓ પણ મંદિરના ઓટલે એકબીજાની ખોદણી સિવાય બીજું શું કરે છે? એ નથી સમજાતું કે પારકાની વેદનાઓ ઢંઢેરા પીટવામાં માનવીને કેમ મજા આવતી હોય? મોટા ભાગનાં લોકોની કોઈની દુર્દશાના પ્રચારમાં વધુ રસ પડે છે ભગવાન આવા પરપીડનકારીઓથી બચાવે.